ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના યુવાન આલોક બ્રહ્મભટ્ટ લેહ સુધીના સાહસિક સાયકલ પ્રવાસે

**સાયકલીંગ સ્વયમ્ સાથે સાયુજ્ય કેળવતી આધ્યાત્મિક અનુભૂતિ : આલોક બ્રહ્મભટ્ટ : ૧૧ દિવસના ૫૫૦ કિલોમીટરના સાયકલ પ્રવાસ દરમિયાન ૬ કપરા પર્વતીય માર્ગો પર થઈને ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ સર કરશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના જાણીતા ફોટો-જર્નાલિસ્ટ અને સાહસિક પ્રવાસી શ્રી આલોક બ્રહ્મભટ્ટ મનાલીથી લેહના ૫૫૦ કિલોમીટરના સાહસિક સાયકલ પ્રવાસે જઈ રહ્યા છે. 'સાયકલીંગ એ સ્વાસ્થ્યની સાથોસાથ પર્યાવરણ સુરક્ષા માટેનું તો સશક્ત માધ્યમ છે જ. માત્ર એટલું જ નહીં સાયકલ સવારી તમને પોતાની જાત સાથે જોડે છે. સાયકલીંગ સ્વયં સાથે સાયુજ્ય કેળવતી આધ્યાત્મિક અનુભૂતિ છે,' એમ કહેતાં શ્રી આલોક બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આ પહેલાં હું વર્ષ ૨૦૧૩માં મોટર સાયકલ પર પણ લેહ જઈ આવ્યો છું. લેહના સૌંદર્યમાં જ દિવ્ય અનુભૂતિ છે. સાયકલ પર લેહનો પ્રવાસ સાહસની સાથોસાથ જાત સાથે જોડાવાનો અવસર છે.

શ્રી આલોક બ્રહ્મભટ્ટ તારીખ ૨૭ જુલાઈને સોમવારે ગાંધીનગરથી મોટર માર્ગે નવી દિલ્હી અને ત્યાંથી મનાલી જવા રવાના થઈ રહ્યા છે. તારીખ ૩૧ જુલાઈ, ૨૦૧૫ને શુક્રવારથી મનાલીથી તેમની સાયકલ યાત્રા શરૂ થશે. ૧૧ દિવસમાં અત્યંત કપરા ચઢાણો અને ઓક્સિજન વિહોણા વિસ્તારોમાંથી સાયકલ માર્ગે પ્રવાસ કરીને તેઓ તારીખ ૧૦મી ઓગષ્ટે લેહના ખારદુંગલા-નુબ્રા પહોંચશે. ૧૧ દિવસના ૫૫૦ કિલોમીટરના સાયકલ પ્રવાસ દરમિયાન તેઓ ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈ સર કરશે. ૬ ઊંચા પર્વતીય વિસ્તારો પાર કરીને વિશ્વના સૌથી ઊંચા મોટરેબલ વિસ્તાર ખારદુંગલા-નુબ્રા ખાતે તેમની સાયકલ યાત્રા સંપન્ન થશે.

ગાંધીનગરના યુવાન ફોટો-જર્નાલિસ્ટ શ્રી આલોક બ્રહ્મભટ્ટ સાહસિક પ્રવાસોના શોખીન છે. વર્ષ ૨૦૦૪માં તેઓ કૈલાસ માનસરોવરની યાત્રા સફળતાપૂર્વક કરી આવ્યા હતા. વર્ષ ૨૦૦૮માં દિલ્હીથી લેહ સુધી ૨,૫૦૦ કિલોમીટરનો પ્રવાસ તેમણે મોટર સાયકલ પર ખેડ્યો હતો. વર્ષ ૨૦૧૩માં સિલીગુડીથી ભૂતાન સુધીનો ૧,૫૦૦ કિલોમીટરનો પ્રવાસ પણ તેમણે મોટર સાયકલ પર ખેડ્યો હતો. આ પહેલા શ્રી આલોક બ્રહ્મભટ્ટ એનફિલ્ડ-બૂલેટ મોટર સાયકલ પર આખું રાજસ્થાન અને સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરી ચુક્યા છે. મનાલીથી લેહ સુધીની આ સાયકલ યાત્રા તેમની અત્યાર સુધીની કારકિર્દીની સૌથી વધુ કપરી યાત્રા છે.

૩૧ વર્ષીય શ્રી આલોક બ્રહ્મભટ્ટ ૫૫૦ કિલોમીટરની આ સાયકલ યાત્રા વિશેષ પ્રકારની માઉન્ટેન બાઈક સાયકલ દ્વારા કરવાના છે. શ્રી આલોક બ્રહ્મભટ્ટની આ સાયકલ યાત્રાને ગુજરાતના જાણીતા ઉદ્યોગ સંગઠન-અદાણી ગ્રૂપનો સહયોગ સાંપડ્યો છે. ગાર્મિન નામની આંતરરાષ્ટ્રીય કંપનીએ આ યાત્રા માટે જી.પી.એસ. ડીવાઈસ, નેવિગેશન સિસ્ટમ અને હેલ્થ ચેક-અપ સિસ્ટમ પુરી પાડી છે. અમદાવાદના બે સાહસિક યુવાનો શ્રી પાર્થ બ્રહ્મભટ્ટ અને શ્રી પાર્થ ચૌધરી પોતાની થાર-જીપ સાથે સહયોગમાં જોડાવાના છે.

મનાલીથી લેહ સુધીના આ સાહસિક સાયકલ પ્રવાસ માટે શ્રી આલોક બ્રહ્મભટ્ટ છેલ્લા ૬ મહિનાથી સઘન પ્રેકટીસ કરી રહ્યા છે. દરરોજ સવારે સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

# મોટા ઈસનપુર ખાતે ૩૦મીએ જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી

ગાંધીનગર તા-૨૫

ગાંધીનગરમાં આગામી તા ૩૦ જુલાઈના રોજ ઈસનપુર મોટા ખાતે જિલ્લા કક્ષાના ૬૬માં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. ચાલુ વર્ષ દરમિયાન જિલ્લાની નર્સરીઓમાં ૫૬.૫૦ લાખ રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. જયારે વન મહોત્સવની ઉજવણી દરમિયાન પણ ૧૦ હજાર જેટલા રોપાઓનુ વિતરણ કરવામાં આવશે. ઈસનપુર મોટા ખાતે શેઠ ભીખાભાઈ હાઈસ્કુલના સંસ્કારભવન હોલમાં સવારે ૯: ૩૦ કલાકે માર્ગ મકાન મંત્રી નિતિન પટેલના હસ્તે જિલ્લા વન મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવશે.

વરસાદી ઋતુના પ્રારંભે જિલ્લામાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. વનવિભાગ દ્વારા જિલ્લાના ઈસનપુર મોટા ખાતે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.પ્રાપ્ય માહિતી અનુસાર જિલ્લાની વિવિધ નર્સરીમાં ચાલુ વર્ષ દરમિયાન ૫૬.૫૦ લાખ રોપાઓ ઉછેર કરવામાં આવ્યો છે. જયારે વન મહોત્સવની ઉજવણી અન્વયે ૧૦ હજાર જેટલા રોપાઓનુ વિતરણ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# મચ્છરોની ઉત્પત્તિ નાથવા ખાબોચિયામાં એન્ટી લારવેલ બોલ નાંખવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં સુતરીના દવાયુક્ત નાના

દડાઓ નાખી ભરાયેલા વરસાદી પાણીમાં મચ્છરોની ઉત્પત્તિ અટકાવવાનો નવતર અભિગમ

મેલેરિયા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના અંતરિયાળ સ્થળો પર વરસાદી પાણીના ખાબોચિયા થતા હોય ત્યાં મચ્છરોની ઉત્પત્તિ થાય નહિ તે માટે જિલ્લાના ૨૫ પ્રા.આ. કેન્દ્રોમાં સુતરીના નાના દડા બનાવીને તૈયાર કરવામાં આવ્યા છે. જેને એન્ટી લારવેલ બોલ તરીકે ઓળખવામાં આવશે. આ ખાબોચિયાઓમાં ઓઈલની સાથે દવાથીયુક્ત કરી નાખવામાં આવશે.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં રાખવા માટે તંત્રએ તેનો એક્શન પ્લાન તૈયાર કરી દીધો છે. તે પ્રમાણેની કામગીરીનો અમલ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

ગ્રામ્ય વિસ્તારના અંતરિયાળ સ્થાનો પર વરસાદી પાણીના ખાબોચિયા સુધી પહોંચવુ અઘરૂ હોય છે ત્યારે તંત્રએ પહેલીવાર આવા ખાબોચિયાઓમાં આ દડા નાખવાનો નિર્ણય કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકા ખાતે 'ચાલો ગુજરાત'માં ગાંધીનગરની કલાશ્રી ફાઉન્ડેશન ડૉલ મેકિંગ આર્ટ પ્રસ્તુત કરશે

(તસવીર : કશ્યપ નિમાવત)

**ગાંધીનગર સમાચારના કાર્ટૂનિસ્ટ હરીન ભટ્ટ અને તેમના માતૃશ્રી રંજનબેન ભટ્ટ દ્વારા તૈયાર કરાયેલ કૃતિઓનું પ્રદર્શન કરાશે : ડૉલ મેકિંગ અંગેની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ દર્શાવાશે : ડૉલ દ્વારા ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાગત નૃત્યો અંગે એનઆરજીને માહિતગાર કરાશે**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના ખૂબ જ જાણીતા ૭૩ વર્ષીય ડૉલ મેકર રંજનબેન ભટ્ટ અને તેમના પુત્ર તેમજ ગાંધીનગર સમાચારના કાર્ટૂનિષ્ટ હરીન ભટ્ટ દ્વારા સંચાલિત કલાશ્રી ફાઉન્ડેશનને અમેરિકાના એડિશન શહેર ખાતે યોજાનાર 'ચાલો ગુજરાત' સંમેલનના પ્રદર્શનમાં ભાગ લેવા આમંત્રણ પ્રાપ્ત થયું છે. ચાલો ગુજરાત તા. ૩૧મી જુલાઈથી તા. ૨જી ઓગસ્ટ દરમ્યાન યોજાનાર છે. જેમાં ગુજરાતમાંથી અનેક વીવીઆઈપી, વીઆઈપી હસ્તિઓ, કલાકારો અને અગ્રણીઓ ભાગ લેશે ત્યારે કલાશ્રી ફાઉન્ડેશનને અપાયેલ આમંત્રણ ગાંધીનગર શહેર માટે ગૌરવ સમાન છે.

ચાલો ગુજરાત એ અમેરિકાની એસોસિએશન ઓફ ઈન્ડિયન અમેરિકન્સ ઈન નોર્થ અમેરિકા-'આઈના' સંસ્થા દ્વારા ૨૦૦૮ની સાલથી લગભગ દર બે વર્ષે આયોજિત કરવામાં આવે છે. ચાલો ગુજરાતનો ઉદ્દેશ ગુજરાતના પરંપરાગત કલાકારોને વૈશ્વિક મંચ પુરૂ પાડી અમેરિકામાં વસતા ગુજરાતીઓને તેમની સાંસ્કૃતિક ધરોહર સાથે જોડી રાખવાનો છે.

આ કાર્યક્રમમાં દર વખતે રાજ્યની વીવીઆઈપી-વીઆઈપી હસ્તિઓ શામેલ કરાય છે. આ વર્ષે પૂ. મોરારીબાપુ, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફેઈમ જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને લોકગાયક ઓસમાણ મીર વગેરે ભાગ લેવાના છે. કલાશ્રી ફાઉન્ડેશન તરફથી યોગેશભાઈ ત્રિવેદી પ્રદર્શનમાં વિવિધ કૃતિઓ પ્રદર્શિત કરશે. કઠપુતળી શૉ ના કલાકાર રામભાઈ અને તેમના મદદનીશ ગણપતસિંહ સહિત યોગેશભાઈ આજે અમેરિકા જવા રવાના થયા હતા.

આ કાર્યક્રમમાં દિવસ દરમ્યાન પ્રદર્શન યોજાય છે અને રાત્રિના સમયે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવે છે. કલાશ્રી ફાઉન્ડેશન દ્વારા ચાલો

● અનુસંધાન પાન-૭ પર


## જોઈએ છે

**ક્લાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટર**

૧૨ પાસ, ટાઈપીંગ સ્પીડ 30 WPM, અનુભવ ઓછામાં ઓછો ૧ વર્ષ

**પટાવાળા**

૧૦ પાસ, અનુભવ - ઓછામાં ઓછો ૨ વર્ષ

ફોન : ૨૩૨ ૧૦૯૪૫ મો. : ૭૩૫૯૨૮૧૫૮૮

REQUIRED
STOCK MARKET LEADER
Equity / Commodity Dealer
0 to 3 yrs experience.
Deserving candidate will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11, Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com

ગીર ગાયનું ઓર્ગેનિક દુધ
ગાંધીનગર શહેર
ફક્ત મર્યાદિત કુટુંબો લેવાના બાકી છે
હાલ ૭૦ કુટુંબોમાં ફ્રી હોમ ડીલીવરી ચાલુ છે
પ્રતિ લિટર રૂા.૭૦/-
ફોન : 9904837149

KIPA રાસ-ગરબા ક્લાસ
પારંપારિક તથા આધુનિક શૈલીથી થતાં રાસ-ગરબાની તાલીમ મેળવી, આગામી નવરાત્રી માટે સજ્જ થવા સંપર્ક કરો
ખુશ્બૂ કુલદીપ શુક્લ મો.7405117117
પ્લોટ નં.૫૬૧/૨, તેજસ સોસાયટી, સેક્ટર-૨૩, ગાંધીનગર.
ક્લાસીસ ૧ ઓગષ્ટ થી શરૂ
વહેલા તે પહેલા ના ધોરણે મર્યાદિત સ્ટુડન્ટસ લેવામાં આવશે.

સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે
ફોન : ૯૮૨૪૭૯૧૮૮૯
ફન પાર્ક
સ્થળ : સેક્ટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ, વીટકોસ ડેપો પાસે, ગાંધીનગર.
સમય : સાંજે ૫.૦૦ થી
પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ડીશાવી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ સભ્યોને તથા નવેસરથી વરાયેલા મંડળીના હોદ્દેદારોને અમારી હાર્દિક શુભકામના....

દિલીપસિંહ ચૌહાણ
પ્રમુખ

મંગળદાસ પટેલ
ઉપપ્રમુખ

રાજેશ પંચોલી
મેનેજીંગ ડીરેક્ટર

ચંદ્રસિંહ વાઘેલા
જો. મેનેજીંગ ડીરેક્ટર

શ્રીમતી રેણુકાબેન પટેલ
ચેરમેન, દૂધ સમિતિ

કિરીટકુમાર શાહ
ચેરમેન, હિસાબ સમિતિ

તેજાભાઈ દેસાઈ
કારોબારી સભ્ય

સુરેશકુમાર મહેતા
કારોબારી સભ્ય

પંકજકુમાર શુક્લ
કારોબારી સભ્ય

ઈશ્વરભાઈ પટેલ
કારોબારી સભ્ય

કેતનકુમાર પટેલ
કારોબારી સભ્ય

ગજેન્દ્રસિંહ રાઠોડ
કારોબારી સભ્ય

બિપીનસિંહ વાઘેલા
કારોબારી સભ્ય

શ્રીમતી હસુમતીબેન પટેલ
કારોબારી સભ્ય

શ્રીમતી ભાનુમતીબેન રોહીત
કારોબારી સભ્ય

શુભેચ્છક
રાજપૂત સમાજ - ગાંધીનગર
કચ્છ કાઠીયાવાડ રાજપૂત સમાજ
સમસ્ત પાટીદાર સમાજ - ગાંધીનગર
વેપારી મિત્રો, સે.૨૮, ગાંધીનગર
બ્રહ્મસમાજ, ગાંધીનગર
રબારી સમાજ - ગાંધીનગર
વૈષ્ણવ-ખડાયતા સમાજ - ગાંધીનગર
ગોઝીયા - સેક્ટર-૨૫, ગાંધીનગર

હાર્દિક અભિનંદન

શ્રી રાજેશ સીતારામ પંચોલી
મેનેજીંગ ડીરેક્ટર
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લી., ગાંધીનગર
આપની ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીમાં ડીરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવી મંડળીમાં મેનેજીંગ ડીરેક્ટર તરીકે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી અમારી શુભકામનાઓ....
જાની ગીરીશકુમાર શીવશંકર
જાની પ્રવિણકુમાર શીવશંકર
જાની જીતેન્દ્રકુમાર શીવશંકર
જાની નટવરલાલ શીવશંકર
જાની પ્રેમશંકર સોમનાથ
તથા જાની પરિવાર અંબોડ

CORALRUSH
Build your career in Software Testing
We serves your Dreams.
An Institute of Software Testing Training
Grab the opportunity
Build your career in Software Testing.
Project Training program for Last semester MCA / MSIT / BCA / BSCIT / BE / Diplome Students.
Special Course for Working professionals to build career in Automated testing using different tools.
NEW Batches starting form 1st August
REGISTER TODAY to AVAIL THE EARLY BIRD OFFER.
OFFICE
Office # 307, 3rd Floor, Atria, KH-0, Sargasan Char Rasta, Gandhinagar
for Any Query and information fell free to call
+91 84908 30251
Visit our website : http://training.coralrush.com

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર)
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com